અનુસુચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના નિગમોને વર્ષ:૨૦૧૬-૧૭માં યોજનાકીય કામગીરી માટે લોન પેટે ફાળવેલ શેરમુડીની યોજનાકીય ખર્ચની મંજુરી બાબત...

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અવક/૧૫૨૦૧૬/૧૦૫૧૩૧(પા.ફાઈલ)/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:- ૦૮/૦૨/૨૦૧૭.

<u>વંચાણમાં લીધા:-</u>

૧. આ વિભાગનો તા:૧૫/૦૬/૨૦૧૬નો સરખા ક્રમાંકનો ઠરાવ.

૨. ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરનો તા:૨૬/૦૮/૨૦૧૬નો પત્ર ક્રમાંક:રાપસ/૧૦૨૦૧૫/૯૯૦૩૦૯/પ્રો(૪)/૧૪૨૪-૨૫ અને તા:૦૫/૧૨/૨૦૧૬નો પત્ર ક્રમાંક:રાપસ/૧૦૨૦૧૫/૯૯૦૩૦૯/પ્રો(૪)/૩૫૪૦.

૩. ગુજરાત અનુસૂચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ, ગાંધીનગરના તા:૧૩/૦૭/૨૦૧૬નો પત્ર ક્રમાંક:ગુઅપવિનિ/૧૬/૨૫૪૨-૪૩ અને તા:૦૯/૦૯/૨૦૧૬નો પત્ર ક્રમાંક: ગુઅપવિનિ/૧૫/૩૧૭૯.

**આમુખ:**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના ત્રણ નિગમોને વર્ષ:૨૦૧૬-૧૭માં યોજનાકીય કામગીરી માટે કૂલ રૂ.૨૦.૦૦ કરોડની શેરમુડી લોન પેટે ફાળવવા અંગેની નવી બાબતને વંચાણે લીધેલ ક્રમાંક: ૧ પરના તા:૧૫/૦૬/૨૦૧૬ના ઠરાવથી વહીવટી મંજૂરી આપવામાં આવેલ તેમજ ઉક્ત ઠરાવની શરત નં- ૭ મુજબ ખર્ચ જે યોજના પાછળ કરવાનો હોય તે યોજનાઓની પૂર્વ મંજૂરી સરકારશ્રી કક્ષાએથી લેવાની રહેશે, તેવી જોગવાઈ નક્કી કરવામાં આવેલ છે.

આ અંગે વંચાણે લીધેલ ક્રમાંક:૨ અને ૩ પરના પત્રોથી અનુક્રમે ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ અને ગુજરાત અનુસૂચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ દ્વારા અત્રે યોજનાઓની મંજુરી માટે દરખાસ્ત કરેલ છે. જે અંગેની મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

૧. ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમની દરખાસ્ત પરત્વે વર્ષ:૨૦૧૬-૧૭માં નીચે મુજબની યોજનાઓની મંજુરી આપવામાં આવે છે:-

| ક્રમ | યોજનાનું નામ |
|---|---|
| ૧ | મહિલા સમૃધ્ધિ યોજના |

| | |
|---|---|
| ૨ | માઈક્રો ક્રેડીટ ફાઈનાન્સ યોજના |
| ૩ | મહિલા અધિકારીતા યોજના |
| ૪ | વ્યક્તિગત લોન યોજના |
| ૫ | વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસની યોજના - અભ્યાસ પૂર્ણ થયા બાદ એક વર્ષ પછી અથવા નોકરી-વ્યવસાય શરૂ કર્યેથી તે બન્ને પૈકી જે વહેલું હોય તે સમયે સરખા માસિક હપ્તેથી ભરપાઈ કરવાની રહેશે. |

૨. ગુજરાત અનુસૂચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમની દરખાસ્ત પરત્વે વર્ષ:૨૦૧૬-૧૭માં નીચે મુજબની યોજનાઓની મંજુરી આપવામાં આવે છે:-

| ક્રમ | યોજનાનું નામ | યુનિટ | યુનિટ/કોસ્ટ (રૂ.) | કુલ રકમ |
|---|---|---|---|---|
| ૧ | ઈ પેસેન્જર રીક્ષા | ૨૩૦ | ૧,૩૦,૦૦૦ | ૨,૯૯,૦૦,૦૦૦ |
| ૨ | કેરીયર વાહન | ૫૦ | ૨,૦૦,૦૦૦ | ૧,૦૦,૦૦,૦૦૦ |
| કુલ | | | | ૩,૯૯,૫૦,૦૦૦ |

<u>ગુજરાત અનુસૂચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમની યોજનાની પાત્રતા/શરતો:-</u>

- અરજદાર મુળ ગુજરાતના વતની અને અનુસૂચિત જાતિના અતિ પછાત જાતિના બેરોજગાર હોવા જોઈએ.
- અરજદારના કુટુંબની કૂલ વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૯૮,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂ.૧,૨૦,૦૦૦/-થી વધુ ન હોવી જોઈએ.
- અરજદારની ઉંમર જાહેરાતની તારીખે ૨૧ વર્ષથી ઓછી નહીં અને ૫૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ.
- અરજદાર સંબંધિત વાહન ચલાવવા માટે લાઈસન્સ અને બેજ/ઓથોરાઈઝેશન ધરાવતા હોવા જોઈએ.
- અરજદાર કે અરજદારના કુટુંબમાંથી કોઈ પણ સભ્યએ અગાઉ નિગમ/કોઈપણ સરકારી/ અર્ધસરકારી કચેરી કે બેંક પાસેથી વાહન ખરીદવા કે અન્ય ધંધા માટે લોન લીધેલ હોવી જોઈએ નહીં.
- અરજદાર કે અરજદારના કુટુંબના કોઈ સભ્ય સરકારી કે અર્ધસરકારી કચેરીમાં ફરજ બજાવતાં હોવા જોઈએ નહીં.
- ઓટો રિક્ષાના મોડેલની મંજૂરી સમયે આર.ટી.ઓ. રજીસ્ટ્રેશના નોર્મ્સનું પાલન થાય તે જોવાનું રહેશે.

૩. <u>રાજ્ય સરકારને લોન પરત ભરપાઈ અને વ્યાજના દર અને તે અંગેની ચુકવણી અંગેની કાર્યરીતી નીચે મુજબ રહેશે:</u>

- શૈક્ષણિક હેતુઓ માટે નિગમોએ રાજ્ય સરકારને ચૂકવવાના થતા વ્યાજના દર ૧.૫% અને અન્ય હેતુઓ માટે વ્યાજનો દર ૪% રહેશે.
- નિગમોએ લાભાર્થી પાસેથી **National Scheduled Caste Finance and Development Corporation** ના નિયત થયેલ દરે વ્યાજ લેવાનું રહેશ તેમજ **National Scheduled Caste Finance and Development**

**Corporation**ની શરતો મુજબ ધિરાણ કરવાનું રહેશે. સફાઈ કામદાર વિકાસ નિગમ માટે ઉક્ત શરતો **National Safai Karamcharis Finance and Development Corporation** દ્વારા નક્કી કર્યા મુજબ રહેશે.

- પરત ચુકવણીનો સમયગાળો શૈક્ષણિક હેતુની લોન માટે ૧૦ વર્ષ અને અન્ય લોન માટે ૮ વર્ષની રહેશે.
- લાભાર્થી દ્વારા લોનની પરત ચુકવણી સમયસર કરવામાં ન આવે તો ૨% દંડનીય વ્યાજ વસુલ કરવાનું રહેશે.

૪. વંચાણે લીધેલ તા:૧૫/૦૬/૨૦૧૬ના ઠરાવમાં નક્કી કરેલ શરતોનું પણ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા:૨૬/૦૧/૨૦૧૭ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કમલેશ શાહ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
  મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ૧૦/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર. આ ઠરાવના અનુસંધાને આનુષાંગિક કાર્યવાહી વિભાગની સંબંધિત વહીવટી શાખા(ગ-શાખા) મારફતે કરવાની રહેશે.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ, ૪/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.

- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી (ગ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી (ડી.એમ.ઓ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(અ-શાખા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉક્ત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- પસંદગી ફાઇલ - ૨૦૧૭.